# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31.05.2026** **MORNING: 7.45 TO 7.55**

**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પર પ્રસારિત થનારા મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે

2) ભારતની પાંચ દિવસની મુલાકાતે આવેલા મ્યાનમારના રાષ્ટ્રપતિ ઓ મીન આંગ લાઇન ગઇકાલે નવી દિલ્હી પહોંચ્યા

3) સરકારે પહેલી જૂનથી ૩૧ ઓક્ટોબર સુધી કપાસની આયાતને કસ્ટમ ડ્યુટીમાંથી હંગામી ધોરણે મુક્તિ આપવાનો નિર્ણય લીધો

4) સિંગાપોર ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપના પુરુષ ડબલ્સની ફાઇનલમાં સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી ઇન્ડોનેશિયાની જોડી સામે ટકરાશે

5) IPL ક્રિકેટની ફાઇનલમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે “મન કી બાત” કાર્યક્રમમાં લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આકાશવાણી પરથી પ્રસારિત થતાં માસિક રેડિયો કાર્યક્રમની આ 134મી કડીમાં પ્રધાનમંત્રી દેશ વિદેશના લોકો સાથે પોતાના વિચારોનું આદાન પ્રદાન કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# MYANMAR PRESIDENT-DELHI

મ્યાનમારના રાષ્ટ્રપતિ ઓ મીન આંગ લાઇન ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા છે. કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે ગઈકાલે હવાઈમથકે તેમનું સ્વાગત કર્યું હતું. અગાઉ રાષ્ટ્રપતિએ બિહારની મુલાકાત લીધી હતી અને ગયાના મહાબોધિ મંદિરમાં પ્રાર્થના કરી હતી. તેમની સાથે અનેક મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગ જગતનું ઉચ્ચ સ્તરીય

પ્રતિનિધિમંડળ પણ છે. રાષ્ટ્રપતિ પદ પર રહ્યા બાદ આ તેમની ભારતની પહેલી મુલાકાત છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે સાંજે શ્રી હ્લેઇંગ સાથે મુલાકાત કરી હતી. ડૉ. જયશંકરે લાંબા સમયથી ચાલતા દ્વિપક્ષીય સહયોગને વધુ ગાઢ બનાવવા માટે મ્યાનમારના રાષ્ટ્રપતિના સકારાત્મક અભિગમની પ્રશંસા કરી હતી.

મ્યાનમારના રાષ્ટ્રપતિ આવતીકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે અને બંને દેશો વચ્ચેના ઐતિહાસિક અને સભ્યતા સંબંધોને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરશે. તેઓ એક વ્યાપારિક મંચમાં પણ ભાગ લેશે. રાષ્ટ્રપતિ મંગળવારે મુંબઈ જશે.

## RAJNATH - OPERATION SINDOOR

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે જણાવ્યું કે ભારતીય નૌકાદળે ઓપરેશન સુંદર દરમિયાન સમગ્ર પાકિસ્તાની નૌકાદળને તેના બંદરો સુધી સીમિત રહેવાની ફરજ પાડી હતી. લખનઉમાં નૌકાદળ શૌર્ય વાટિકાના ઉદ્ઘાટન સમારોહમાં બોલતા, સંરક્ષણમંત્રી જણાવ્યું હતું કે નૌકાદળે ઓપરેશન સુંદર દરમિયાન પાકિસ્તાન પર દબાણ લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ શૌર્ય વાટિક એક ખુલ્લુ નૌકાદળ સંગ્રહાલય છે.

### BYTE: RAJNATH SINGH

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ઓપરેશન સુંદર દરમિયાન, ભારતીય નૌકાદળે લડાઇ તૈયારી, કાર્યકારી કાર્યક્ષમતા અને

પ્રતિરોધક ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ઉત્તર અરબી સમુદ્રમાં વિમાનવાહક જહાજો અને અગ્રણી દળોની તાત્કાલિક તૈનાતીએ પાકિસ્તાની નૌકાદળને બંદર અથવા મકરાન કિનારે મર્યાદિત રાખ્યું હતું. એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ઓપરેશન સુંદર દરમિયાન ત્રણેય સેવાઓ વચ્ચે સંકલન મહત્વપૂર્ણ હતું.

# EC - COUNSELS CONFERENCE

ચૂંટણી પંચે નવી દિલ્હીમાં પોતાના કાયદાકીય માળખાને વધુ મજબૂત બનાવવા માટે પંચના વકીલો સાથે બેઠક યોજી હતી. ગઇકાલે બેઠકનું ઉદ્ઘાટન કરતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું હતું કે નિષ્પક્ષ મતદાર યાદીઓથી જ નિષ્પક્ષ ચૂંટણીઓ થાય છે. તેમણે મતદાર યાદીઓના સંચાલનમાં સૈનિકોની જેમ કામ કરનારા બૂથ-સ્તરના અધિકારીઓ અને એજન્ટોની પ્રશંસા કરી.

શ્રી કુમારે નોંધ્યું હતું કે આસામ, કેરલમ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાં ઉચ્ચ સ્તરની સ્પર્ધા જોવા મળી. તેમણે દેશની અદાલતોમાં ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરતા વકીલોના સમર્પિત પ્રયાસોની પણ પ્રશંસા કરી.

આ બેઠકમાં સર્વોચ્ચ અદાલત અને વિવિધ ઉચ્ચ અદાલતોમાં ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરતા વકીલો, કમિશનના મુખ્ય ચૂંટણી અધિકારી અને વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# COTTON CUSTOM DUTY EXEMPT

સરકારે પહેલી જૂનથી ૩૧ ઓક્ટોબર સુધી કપાસની આયાતને કસ્ટમ ડ્યુટીમાંથી હંગામી ધોરણે મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે. કાપડ મંત્રાલયના એક જાહેરનામા અનુસાર આ નિર્ણય કપાસના ખેડૂતો અને સમગ્ર કપાસ મૂલ્ય શૃંખલાના હિતમાં લેવામાં આવ્યો છે.

આ પગલાથી કપાસની ઑફ-સીઝન દરમિયાન કાપડ ઉદ્યોગ માટે પૂરતા પ્રમાણમાં કપાસની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. જેનાથી સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને ટેકો મળશે, ખર્ચમાં ઘટાડો થશે અને ભારતીય કાપડ બજારની સ્પર્ધાત્મકતા મજબૂત થશે. કાપડ મંત્રાલયે જણાવ્યું હતું કે આ પગલાથી ખેડૂતોના હિતોનું રક્ષણ થશે અને બજાર સ્થિરતા સુનિશ્ચિત થશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BADMINTON SINGAPORE OPEN

સિંગાપોર ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપના પુરુષ ડબલ્સની ફાઇનલમાં સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી ઇન્ડોનેશિયાના મોહમ્મદ શોહિબુલ ફિકરી અને ફજર આલ્ફિયાન સામે ટકરાશે. મે 2024માં થાઇલેન્ડ ઓપન બાદ આ ભારતીય જોડીએ કોઈ ખિતાબ જીત્યો નથી.

ભારતીય જોડીએ સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાના સીઓ સેઉંગ-જે અને કિમ વોન-હોને પરાજય આપ્યો હતો.

# WONKATHON AAKASHVANI

આકાશવાણીની 90મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આકાશવાણી અમદાવાદ દ્વારા આજે વૉંકા થોનનું આયોજન કરવામાં આવ્યું છે. 4 કિલોમીટરની વૉંકા થોન આકાશવાણી પરિસરથી શરૂ થઈ છે. આકાશવાણી દૂરદર્શન CBCના તમામ કર્મચારિયો, અધિકારીઓ મોટી સંખ્યામાં આ વૉંકાથોનમાં ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે.

આકાશવાણી અમદાવાદના વડા એન. એલ. ચૌહાણે પોતાનો પ્રતિભાવ આપ્યો...

BYTE: MR. N.L. CHAUHAN, STATION MANAGER

# IPL FINAL

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે IPL ક્રિકેટ ફાઇનલમાં વર્તમાન ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો ગુજરાત ટાઇટન્સ સામે થશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે.

એક અહેવાલ સાંભળીએ

## VC: ANAND SPORTS

# WHO DG – EBOLA

વિશ્વ આરોગ્ય સંસ્થાના મહાનિયામક ટેડ્રોસ અધાનમ ઘેબ્રેયસસે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો અને યુગાન્ડામાં ઇબોલા રોગચાળાના પગલે મુસાફરી પ્રતિબંધો અને સીલ કરેલી સરહદો લાગુ કરનારા દેશોને તેમના નિર્ણયો પર પુનર્વિચાર કરવા વિનંતી કરી છે. તેમનું માનવું છે કે આવા પગલાં અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીને અવરોધી શકે છે.

પૂર્વી કોંગોના બુનિયામાં બોલતા તેમણે જણાવ્યું કે આવા પગલાં રોગ નિયંત્રણને વધુ પડકારજનક બનાવી શકે છે. તેમણે એમ પણ કહ્યું કે આવા પગલાં પારદર્શિતા અને પરસ્પર વિશ્વાસને નબળી પાડે છે..

કોંગોના આરોગ્ય અધિકારીઓએ 900 થી વધુ શંકાસ્પદ ઇબોલા કેસ અને 220 થી વધુ શંકાસ્પદ મૃત્યુ નોંધ્યા છે. દરમિયાન પડોશી યુગાન્ડામાં રાજધાની

કમ્પાલાએ નવ નવા કેસની પુષ્ટિ કરી છે, જેમાં એક નવા ચેપનો સમાવેશ થાય છે. જેના માટે હાલમાં કોઈ માન્ય રસી અથવા ચોક્કસ સારવાર નથી.

જો કે, અધિકારીઓએ એ પણ સ્પષ્ટતા કરી છે કે જો દર્દીઓને સમયસર અને ગુણવત્તાયુક્ત તબીબી સંભાળ મળે, તો તેઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ શકે છે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

1. આજના અખબારોમાં.. ચીનના લોન્ચ પેડ, ઈરાનનો કૂવેત એર બેઝ પર હુમલો, આઇપીએલ ફાઇનલ જેવા સમાચારો હેડ લાઇન માંવાંચવા મળી રહ્યા છે
2. ગુજરાત સમાચારની હેડલાઇન છે .. વિશ્વ ઈરાન ઇઝરાયેલ અમેરિકા યુદ્ધ માં વ્યસ્ત છે ત્યારે...ચીને ઠંડા કલેજે પરમાણુ સાઇટ પાસે લોન્ચ પેડ બનાવ્યા..
3. સંદેશ લખે છે.. ઈરાનનો અમેરિકાના કૂવેત એર બેઝ પર વિનાશક હુમલો..
4. દિવ્ય ભાસ્કરની હેડ લાઇન છે .. એક દેશ એક ચુંટણી : 2029 થી પ્રથમ તબક્કો, 2034 સુધીમાં ચક્ર પૂરૂં થશે.
5. આ સાથે રાજસ્થાનમાં રેતીનું તોફાન.. IPLમાં આજે ગુજરાત – બેંગલુરૂ વચ્ચે ફાઇનલ જંગ.. ગ્રીન કાર્ડ અંગે અમેરિકાનો યુ ટર્ન,પ્રવાસીઓને અમેરિકા છોડવું નહીં પડે.. જેવા સમચારોને સ્થાન અપાયું છે
6. સ્થાનિક સમાચારોમાં રાજ્યના ઈબોલા વાયરસના બીજા દર્દીનો રિપોર્ટ પણ નેગેટિવ.. રાજ્યમાં 5 દિવસ વરસાદની આગાહી જેવા સમાચારોને સ્થાન અપાયું છે.